


# આજથી પ્રથમ તબક્કાના ચૂંટણી પ્રચારના પડઘમ શાંત

## પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ૮૭ બેઠકો પર ૮૪૬ ઉમેદવારો મેદાનમાં : જોરદાર અને ઝંઝાવતી ચૂટણી પ્રચારમાં ભાજપ અને કોંગ્રેસના ટોચના નેતાઓ વ્યસ્ત બન્યા : મતદારોને પ્રભાવિત કરવા માટેના તમામ પ્રયાસો શરૂ કરાયા

અમદાવાદ, તા. ૧૦

ગુજરાત વિધાનસભા ૨૦૧૨ની પ્રથમ તબક્કાની ૮૭ બેઠકો માટે ૧૩મી ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીના પ્રચાર પડઘમ આવતીકાલે તા. ૧૧મી ડિસેમ્બર મંગળવારે સાંજે શાંત થઈ જશે. ભાજપ, કોંગ્રેસ તથા ગુજરાત પરિવર્તન પાર્ટી સહિત લગભગ ૨૦ જેટલા જુદા જુદા રાજકીય પક્ષો અને અપક્ષો સહિત પ્રથમ તબક્કાની આ ૮૭ બેઠકો પર કુલ ૮૪૬ ઉમેદવારોએ પોતાનું ભાગ્ય અજમાવ્યું છે.

ચૂંટણી પ્રચારના અંતિમ દૌરમાં મુખ્ય રાજકીય પક્ષોએ તેની તમામ તાકાત લગાવી દીધી હોવાથી રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચી ગયો છે. ગુજરાતના ઈતિહાસમાં ક્યારેય જોવા મળી નહોય તેવી તીવ્ર રસાકસીભરી બની રહેનારી આ ચૂંટણીમાં એક તરફ વડાપ્રધાન ડો. મનમોહનસિંગ, સોનિયા ગાંધી તથા રાહુલ ગાંધી સહિત કોંગ્રેસનું કેન્દ્રીય નેતૃત્વ તથા કેન્દ્રિય પ્રધાનમંડળના સભ્યો કોંગ્રેસના ઉમેદવારોને જીતાડવા મેદાનમાં ઉતરી આવ્યા છે. ત્યાં બીજી તરફ નરેન્દ્ર મોદીની ભાવિ ઉચ્ચ રાજકીય કારકિર્દી માટે અતિ પ્રતિષ્ઠાભરી બની રહેલી ચૂંટણી જંગમાં લાલકૃષ્ણ અડવાણી, પક્ષ પ્રમુખ નીતિન ગડકરી, લોકસભા વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ, રાજ્યસભા વિપક્ષના નેતા અરૂણ જેટલી, રાષ્ટ્રીય પ્રવક્તા નિર્મલા સીતારમન, સ્મૃતિ ઈરાની, નવજોતસીંગ સિદ્ધુ સહિત ભાજપની પણ આખી ફોજ ઉતરી આવી છે. એકંદરે ગુજરાત વિધાનસભાની આ ચૂંટણી માત્ર ગુજરાતની નહિ પરંતુ કેન્દ્રની પણ દશા અને દિશા બદલી શકે તેવી બની રહેનાર હોવાથી બન્ને મુખ્ય પક્ષોએ ચૂંટણીનો જંગ જીતવા એડીચોટીનું જોર લગાવી દીધું હતું. દેશના રાજકારણમાં ખૂબ જ ઝડપથી એક અત્યંત શક્તિશાળી નેતા તરીકે ઉપસી આવેલા અને દુનિયાભરના દેશોમાં ખૂબ જ ટૂંકા ગાળામાં સર્વાધિક જાણીતા બનેલા નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં કોંગ્રેસના જે રીતે ચીંથરે હાલ કર્યા છે તેનાથી હચમચી ઉઠેલી દિલ્હી કોંગ્રેસ નરેન્દ્ર મોદી સામે ગુજરાતમાં જીવ સટોસટનો દાવ ખેલી લેવા તમામ તાકાત આ ચૂંટણી જંગમાં ઝોકી દીધો છે અને નરેન્દ્ર મોદીને ગુજરાતમાં જ જ તેમની ધરતી પર પરાજીત કરી દેવા ખતરનાક રાજકીય બ્રહ્માસ્ત્ર છોડ્યા છે. નરેન્દ્ર મોદીએ પણ કોંગ્રેસની નબળાઈઓનો ભરપુર લાભ ઉઠાવી કોંગ્રેસના ગઢના અનેક કાંગરા પેરવી દીધા છે અને ચૂંટણી પહેલા જ કોંગ્રેસના સૈનિકો અને સેનાપતિઓ મોદી સામે શરણાગતિ સ્વીકારી લેતા હોય તેવા ગુજરાતભરમાં દ્રશ્યો સર્જી કોંગ્રેસને મરણતોલ ફટકો માર્યો છે. આ બન્ને રાજકીય પક્ષોના મહાયુદ્ધ વચ્ચે કેશુભાઈ પટેલ પણ ગુજરાત સંઘ તથા વિશ્વ હિન્દુ પરિષદના આર્શીવાદ સાથે મોદી સાથે ગેરીલ્લા યુદ્ધ કરવા મેદાનમાં ઉતરી પડ્યા છે પરંતુ આ પ્રથમ રાઉન્ડમાં તેમને કોઈ ઝાઝો ગજ વાગ્યો હોય તેમ દેખાતું નથી.

પ્રથમ તબક્કાની આ ચૂંટણીની સહુથી રસપ્રદ બાબત એ રહી છે કે કેશુભાઈ પટેલના કહેવાતા પ્રભુત્વવાળા સૌરાષ્ટ્રની તમામ બેઠકોનો પ્રથમ રાઉન્ડમાં જ સમાવેશ થઈ જતો હોવાથી ત્રિપાંખિયા જંગની શક્યતાઓ પણ ચર્ચાઈ રહી છે ત્યાં ૮૭ બેઠકો માટે થનારી પ્રથમ તબક્કાની ચૂંટણીમાં સીમાંકનના કારણે કેટલીક બેઠકો પર અણધાર્યા પરીણામ લાવશે તેવી અટકળો સેવાઈ રહી છે ત્યાં કુલ ૩૮૧ જેટલા અપક્ષ ઉમેદવારો પણ કેટલાંક રાજકીય પક્ષોના ઉમેદવારોને નડી જશે તેની શક્યતાઓને નકારી શકાય નહિં.

## ઉંચા મતદાનથી ભાજપને હમેંશા મોટો ફાયદો થયો

અમદાવાદ, તા.૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે હજુ સુધીના આંકડાઓ દર્શાવે છે કે મતદાનની ટકાવારી પણ જીત હારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. હજુ સુધીના આંકડા દર્શાવે છે કે ઊંચા મતદાનની સ્થિતિમાં ભાજપને ફાયદો થાય છે જ્યારે ઓછા મતદાનની સ્થિતિમાં કોંગ્રેસને ફાયદો થયો છે. અગાઉની બે ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ નરેન્દ્ર મોદી આ વખતે પણ હેટ્રીક નોંધાવા માટે તૈયાર થયેલા છે પરંતુ આ વખતે એકદમ સળગતા મુદ્દાઓ દેખાઈ રહ્યા નથી. કોમવાદ અને આતંકવાદ જેવા ભાવનાશીલ મુદ્દાઓના કારણે ૨૦૦૨ અને ૨૦૦૭ની ચૂંટણીમાં મોદીનો શાનદાર વિજય થયો હતો. આ વખતે પણ ઊંચા મતદાનની ખાતરી કરવાના પ્રયાસ માત્ર ભાજપ દ્વારા જ નહીં બલ્કે ચૂંટણી પંચ દ્વારા પણ હાથ ધરવામાં આવ્યા છે. ભાજપની નેતાગીરી આ વખતે એ બાબતથી ચિંતિત છે કે આવા મોજાની ગેરહાજરીમાં મતદાન ઓછું રહી શકે છે. આંકડા દર્શાવે છે કે વધુ બેઠકો જીતવામાં ઊંચું મતદાન ભાજપ માટે મહત્વપૂર્ણ રહ્યું છે. જ્યારે મતદાન ઓછું રહ્યું છે ત્યારે કોંગ્રેસે આશ્ચર્યજનક જીત મેળવી છે. ૧૯૮૫માં જ્યારે કોંગ્રેસે રેકોર્ડ ૧૪૯ બેઠક જીતી ત્યારે ૪૮.૮૨ ટકા મતદાન થયું હતું. ૧૯૮૦માં ૪૮.૩૭ ટકા મતદાન થયું હતું ત્યારે કોંગ્રેસે ૧૪૧ બેઠક જીતી હતી. ત્યારબાદથી મતદાનની ટકાવારીમાં સતત વધારો થયો છે અને ભાજપની બેઠકોની સંખ્યા સતત વધી છે. ૧૯૯૫માં ૬૪.૩૯ ટકા મતદાન થયું હતું. એ વખતે ભાજપે ૧૨૧ બેઠક જીતી હતી. જ્યારે ૧૯૯૮માં ૫૯.૩૦ ટકા મતદાન થયું હતું ત્યારે ભાજપે ૧૧૭ બેઠક જીતી હતી. આવી જ રીતે ૨૦૦૨માં ૬૧.૫૪ ટકા મતદાન થયું ત્યારે ભાજપે ૧૨૭ બેઠકો જીતી હતી. ૨૦૦૭માં ભાજપે ૫૯.૭૭ ટકા મતદાન થયું ત્યારે ૧૧૭ બેઠકો જીતી હતી. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના આંકડા પ્રકાશિત કરવામાં આવ્યા છે. મોદી એકલા હાથે જોરદાર પ્રચાર કરી રહ્યા છે. તેમના કાર્યકરોને મતદાનના દિવસે લોકોને મતદાન મથકે લઈ જવા તૈયાર કરી રહ્યા છે. કાર્યકરો સાથે ડીનર મિટીંગ દરમિયાન આ મુદ્દે ચર્ચા થઈ હતી. ભાજપના ટોચના નેતાઓને પણ એવી દહેશત છે કે ઓછા મતદાનની સ્થિતિમાં તકલીફ ઊભી થઈ શકે છે.

## માણસામાં કોંગ્રેસની જંગી સભા





માણસા વિધાનસભા ચૂંટણીના પ્રચાર અર્થે આવેલા પાટણના સાંસદ જગદીશ ઠાકોર તથા કોંગ્રેસના અગ્રણીઓએ ભાજપ સરકાર ઉપર પ્રહાર કરી બહુમતીથી અમિત ચૌધરીને જીતાડવા હાંકલ કરી છે. માણસા વિધાનસભાની ચૂંટણીમાં બન્ને પક્ષો વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો છે ત્યારે આજે બપોરે શહેરના ચંદ્રાસર ચોક ખાતે કોંગ્રેસના ઉમેદવાર અમિત ચૌધરીના પ્રચાર અર્થે પાટણના સાંસદ જગદીશ ઠાકોરે પોતાની આગવી અને તેજાબ શૈલીમાં નરેન્દ્ર મોદીના જુઠ્ઠાણાઓ બતાવી લોકોને છેતરનારા આ મુખ્ય પ્રધાનને ઓળખો જે પોતાની પ્રસિદ્ધિ ખાતર રાજ્યને દેવાદાર બનાવી પ્રજાના પૈસા બેફામ વાપરી આ સરકાર જે વિકાસની વાતો કરે છે તે તદ્દન પાયા વગરની છે. જ્યારે સી.જે. ચાવડાએ ભાજપમાં ફક્ત પાંચ ઉદ્યોગપતિઓનો વિકાસ થયો છે તેમ જણાવ્યું હતું. આ ચૂંટણી ટાણે ભગવાન પણ કેવી ક્રૂર મજાક કરે છે. માણસાના ઉમેદવાર શ્રી અમિત ચૌધરીના બનેવી (જીજાજી)નું રોજ રાત્રે માર્ગ અકસ્માતમાં મોત થયેલ છે. જેઓ સભામાં આવી શક્યા ન હતા પણ જગદીશ ઠાકોર, સી.જે. ચાવડા, બાબુજી ઠાકોર, એ.એસ. પટેલ તથા અન્ય આગેવાનોએ કોંગ્રેસના કાર્યકરોને ખભેખભા મીલાવી આપણા ઉમેદવારને જીત અપાવવા હાંકલ કરી છે.

(તસવીર : મયુરધ્વજસિંહ વાઘેલા, માણસા)

### નાણાં પહોંચવાં જોઈએ ત્યાં પહોંચતાં જ નથી

# મોદીની સામે અર્થશાસ્ત્રી વડાપ્રધાનનો આક્રોશ

વડાપ્રધાન મનમોહનસિંહ વિશે દેશના ટોચના ઉદ્યોગપતિ રતન તાતાએ ખૂબ ઊંચો અભિપ્રાય આપ્યો છે અને કહ્યું છે : વડાપ્રધાન અત્યંત ઈમાનદાર રાજપુરૂષ છે. પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલે એમને વિશ્વના શ્રેષ્ઠ અર્થશાસ્ત્રી કહીને બિરદાવ્યા છે. એથી તદ્દન વિરોધી સૂરમાં ગુજરાતના અકળાયેલા મુખ્યમંત્રી વડાપ્રધાન વિરૂધ્ધ કાગારોળ મચાવી રહ્યાં છે.

ગુજરાતમાં નેનો ફેક્ટરી માટે મફતના ભાવે જમીન ઉપલબ્ધ કરાવી દીધા પછી પણ રતન તાતાએ વર્તમાન ચૂંટણી ટાણે જ વડાપ્રધાનનાં વખાણ કર્યાં અને મોદીને જેમની પાસેથી શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકેના પ્રમાણપત્રની સ્વાભાવિક અપેક્ષા હોય એવા એનડીએના ઘટક પક્ષ અકાલીદળના મુખ્યમંત્રીએ વડાપ્રધાનની આર્થિકનીતિ વિશે ઊંચો અભિપ્રાય આપી દીધો. મોદી અને નવજોત સિધ્ધુ જેવા મોદીના પ્રચારકોએ મનમોહનસિંહ અને સોનિયા ગાંધી વિરૂધ્ધ હલકામાં હલકા કટાક્ષો કર્યા છે, એની સામે આ બેઉ વરિષ્ઠ રાષ્ટ્રીય નેતાઓએ પૂરી શાલીનતા સાથે ગુજરાત સરકારના વહીવટમાં ચાલતી લાલિયાવાડી તથા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ 'સર્વહારા' નીચલા થરના લોકો પ્રત્યે દાખવેલી ઉપેક્ષાનો ઘટસ્ફોટ કરી એમને રક્ષણાત્મક સ્થિતિમાં મુકી દીધા છે.

ગરીબ દલિત, આદિવાસી, લઘુમતી સમાજ, ખેતમજૂર અને નીચલા મધ્યમવર્ગ સામે જોવાની ભાજપના 'વિકાસ પુરૂષ'ને ફુરસદ જ નથી અને કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને આવા વર્ગોના વિકાસ અર્થે ફાળવાતાં અઢળક નાણાં રાજ્ય સરકાર દ્વારા પોતાની વાહ વાહ કરાવવા પાછળ ખરચાતાં હોવાની વાત હવે તો જગજાહેર બની ગઈ છે. એથી રાજ્ય સરકારે કેવળ એના વહાલા પાંચ-સાત ઉદ્યોગપતિઓને જ 'વિકાસ' કર્યો છે અને ગુજરાતની ગરીબ પ્રજાને તો વિકાસના



નામે આમલી પીપળી જ બતાવ્યે રાખી છે, એ પ્રજા દેખીતી રીતે વર્તમાન સરકારમાં 'અસલામતી'ની અને ઉપેક્ષાની લાગણી અનુભવે છે તે મુદ્દો ઉજાગર કરી વડાપ્રધાન મનમોહનસિંહે મોદી અને ભાજપની દુખતી રગ દાબી છે. આ જ વાત શબ્દ ફેરે અત્યંત ભારપૂર્વક ભાજપના આદ્ય સ્થાપક કેશુભાઈ પટેલ કહેતા ફરે છે, તેથી પ્રજામાં મોદી વિશેની મહામહેનતે, આયોજનપૂર્વક ઊભી કરાયેલી ઈમેજ પત્તાંના મહેલની જેમ વેરવિખેર થઈ રહી છે. સ્વાભાવિક છે કે એથી કહેવાતા 'વિકાસ પુરૂષ'ની અકળામણનો પાર ન રહે. વડાપ્રધાનના ગુજરાત પ્રવાસ પછી અને સોનિયા ગાંધીએ ગુજરાતની પ્રજા સાથે ગુજરાતની ભાજપ સરકારે દગો કર્યો હોવાની કરેલી જાહેરાત પછી મુખ્યમંત્રી મોદીની આખેઆખી 'બૉડી લેંગ્વેજ' બદલાઈ ગઈ છે. એમણે પોતાને 'દગાબાજ' ગણાવનાર કોંગ્રેસનાં સૂપડાં સાફ કરી દેવાની ધમકી આપી છે. મોદી પોતાને ગુજરાતનો પર્યાય સમજે છે અને પોતાનાં વખાણ તો હસતાં મોઢે સ્વીકારે છે પરંતુ સુવર્ણપાત્રની ઢંકાયેલું તેજાબી સત્ય સ્વીકારી શકતા નથી. એમણે વડાપ્રધાન પર વોટબેંકનું રાજકારણ ખેલતા હોવાનો આક્ષેપ કર્યો છે અને આવો એક વિશ્વસ્તરનો નેતા પોતાની વિરૂધ્ધ જુઠ્ઠાણાં ફેલાવતો, હોવાથી બૂમરાણ મચાવી મુકી છે. ચારે કોરથી ઘેરાઈ ગયેલા 'વિકાસ પુરૂષ' મોદીની હાલત, 'મા, મને કોઠીમાંથી કાઢ!' કહી બૂમરાણ મચાવતા નાદાન બાળક જેવી થવા પામી છે.

**રાજ્ય સરકારે કેવળ એના વહાલા પાંચ-સાત ઉદ્યોગપતિઓને જ 'વિકાસ' કર્યો છે અને ગુજરાતની ગરીબ પ્રજાને તો વિકાસના નામે આમલી પીપળી જ બતાવ્યે રાખી છે, એ પ્રજા દેખીતી રીતે વર્તમાન સરકારમાં 'અસલામતી'ની અને ઉપેક્ષાની લાગણી અનુભવે છે તે મુદ્દો ઉજાગર કરી વડાપ્રધાન મનમોહનસિંહે મોદી અને ભાજપની દુખતી રગ દાબી છે**

મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ

પરંતુ એમની એ આશા ફળી નથી. એમના જ શબ્દોમાં કહીએ તો 'સોનિયા મૅડમ' અને વડાપ્રધાન મનમોહનસિંહ બરાબર 'લૅસન કરીને' આવ્યાં હોઈ પ્રજાને બહેકાવવાનો કોઈ

**ગુજરાતમાં નેનો ફેક્ટરી માટે મફતના ભાવે જમીન ઉપલબ્ધ કરાવી દીધા પછી પણ રતન તાતાએ વર્તમાન ચૂંટણી ટાણે જ વડાપ્રધાનનાં વખાણ કર્યાં અને મોદીને જેમની પાસેથી શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકેના પ્રમાણપત્રની સ્વાભાવિક અપેક્ષા હોય એવા એનડીએના ઘટક પક્ષ અકાલીદળના મુખ્યમંત્રીએ વડાપ્રધાનની આર્થિકનીતિ વિશે ઊંચો અભિપ્રાય આપી દીધો; મોદી અને નવજોત સિધ્ધુ જેવા મોદીના પ્રચારકોએ મનમોહનસિંહ અને સોનિયા ગાંધી વિરૂધ્ધ હલકામાં હલકા કટાક્ષો કર્યા છે, એની સામે આ બેઉ વરિષ્ઠ રાષ્ટ્રીય નેતાઓએ પૂરી શાલીનતા સાથે ગુજરાત સરકારના વહીવટમાં ચાલતી લાલિયાવાડી તથા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ 'સર્વહારા' નીચલા થરના લોકો પ્રત્યે દાખવેલી ઉપેક્ષાનો ઘટસ્ફોટ કરી એમને રક્ષણાત્મક સ્થિતિમાં મુકી દીધા છે**

### ચૂંટણી ચક્રવ્યૂહ

- યુયુત્સુ દેસાઈ

મોદી પાસે સૌથી મોટું બળ એમની વાણીનું છે. તેઓ પોતાની વિરૂધ્ધ પ્રચાર કરનારા રાષ્ટ્રીય નેતાના મોઢામાંથી શબ્દો ખૂંચવી લઈ એ શબ્દોના તરાપા પર ચૂંટણીની વૈતરણી પાર કરવાની માયાવી વિદ્યાના જાણતલ છે. ગઈ ચૂંટણી વખતે સોનિયા ગાંધીના ભાષણમાંથી સોહરાબુદ્દીન મુદ્દે અને ગોધરાકાંડ મુદ્દે ઉચ્ચારાયેલ 'મોતના સોદાગર' શબ્દપ્રયોગ ઉપાડી લઈ એમણે ગુજરાતની હિંદુ પ્રજાની સહાનુભૂતિ જીતવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. એમને આશા હતી કે આ વખતે પણ સોનિયાના સ્ક્રીપ્ટ રાઈટ એવો જ કોઈ નવો મુદ્દો ઉપલબ્ધ કરાવશે! મુદ્દો એમને મળી શક્યો નથી. નરેન્દ્ર મોદીના બદલાયેલા મિજાજ અને હતાશાનું સાચું કારણ આ છે. જો કે કોંગ્રેસના વરિષ્ઠ બૌધ્ધિક અગ્રણી મણિશંકર ઐયરે એમને 'લોહપુરૂષ' સરદાર પટેલ સાથે સરખાવનારા ભાજપની પ્રચારમંડળીને સણસણતો તમાચો મારતાં બહુ જ તીખો કટાક્ષ કર્યો હતો : મોદી 'લોહપુરૂષ નથી, 'લહૂપુરૂષ' છે - એમ કહી એમણે ગોધરાકાંડને યાદ કરાવ્યો હતો. આ મુદ્દો પકડી લેવામાં કાં તો મોદી કાચા પડ્યા અથવા એમણે મણિશંકર ઐયર જેવા મધ્યમ કદનાં, લગભગ વજૂદ ગુમાવી ચૂકેલા નેતાને મહત્ત્વ આપવામાં હીણપત

**વડાપ્રધાનના ગુજરાત પ્રવાસ પછી અને સોનિયા ગાંધીએ ગુજરાતની પ્રજા સાથે ગુજરાતની ભાજપ સરકારે દગો કર્યો હોવાની કરેલી જાહેરાત પછી મુખ્યમંત્રી મોદીની આખેઆખી 'બૉડી લેંગ્વેજ' બદલાઈ ગઈ છે, એમણે પોતાને 'દગાબાજ' ગણાવનાર કોંગ્રેસનાં સૂપડાં સાફ કરી દેવાની ધમકી આપી છે**

અનુભવી હોય એ પણ બનવાજોગ. મોદી સોનિયા ગાંધી, મનમોહનસિંહ અને રાહુલ ગાંધીને જ નિશાન બનાવતા રહ્યાં અને એમની પાસેથી કોઈ મુદ્દો મળી રહેશે એવી આશા રાખતા રહ્યા. અત્યારે પરિસ્થિતિ એવી બની રહી છે કે જે તીખાં વાગ્બાણ કોંગ્રેસીઓએ વ્યૂહરચનાનાં ભાગ રૂપે ટાળ્યાં તે બધાં મોદીના જ ઘડવૈયા ગણાતાં વરિષ્ઠ લોકનેતા કેશુબાપાએ વારંવાર, રોજના હિસાબે ઝીંક્યે રાખ્યાં છે. મોદીએ સામે પક્ષે કોઈ સૌજન્ય ખાતર નહીં, પરંતુ પોતે કેશુભાઈ પટેલને સ્પર્ધામાં ગણતા જ ન હોવાન અહંકારપૂર્વક એમને વળતો જવાબ આપવાનું ટાળ્યું લાગે છે. મોરારિબાપુએ કર્ણાવતી કલબ ખાતે કેન્સર સોસાયટીના લાભાર્થે આરંભેલી 'માનસ-કેન્સર' રામકથામાં 'અહંકાર'ને માણસનો સૌથી ખતરનાક રોગ ગણાવ્યો છે. આ 'અહંકાર'નું કેન્સર અસાધ્ય છે અને મોડું વહેલું માણસને ડુબાડીને જંપે છે, શું નરેન્દ્ર મોદીને એમનાં આ રોગની જાણ કોઈએ કરી જ નહીં હોય? રાવણે એના શુભેચ્છો અને સ્વજનો સતત ચેતવતા રહ્યા હતા પરંતુ એનો અહંકાર એ શુભચિંતકોની સલાહ સાંભળવા દેતો ન હતો. એ પોતાના વડીલોનું પણ અપમાન કરતો હતો. મારીચને એણે સુવર્ણ મૃગનો વેશ ધારણ કરી પંચવટી પહોંચી જવા જણાવ્યું ત્યારે મારીચે એને જે



છેલ્લા શબ્દો સંભળાવેલા તે યાદ રાખવા જેવા છે :

સુલભાઃ પુરૂષાઃ રાજન્
સતતં પ્રિયવાદિનાઃ।
અપ્રિયસ્ય ચ પથ્યસ્ય
વક્તા શ્રોતા ચ દુર્લભાઃ॥

(હે રાજન, હરહંમેશ મીઠું બોલનારા માણસોનો તો તોટો નથી; પણ કડવું છતાં હિતકારક હોય એવું બોલનારા પણ દુર્લભ છે અને એવું સાંભળવાની તૈયારીવાળા પણ જૂજ માણસ મળે તો મળે !)

મનમોહનસિંહે વંચિત વર્ગોનાં હિતો પરત્વે ગુજરાતની ભાજપ સરકારે લક્ષ નહીં આપ્યું હોવાનો આક્ષેપ મૂક્યો છે. એમના વિકાસ માટે ફાળવાયેલી રકમ કાં તો વપરાઈ જ નથી અથવા એનો અન્ય હેડે દુરૂપયોગ કરાયો હોવાની કોંગ્રેસની દલીલ મહદંશે સાચી લાગે છે. આદિવાસી પટ્ટાની બેઠકોમાં ૨૦૦૭ની ચૂંટણીમાં મોદીએ સપાટો બોલાવી દીધો હતો પરંતુ આ પાંચ વરસ દરમિયાન કોંગ્રેસની વૉટ બૉંક ગણાતા આદિવાસી મતદારોનું ભ્રમ નિરસન થઈ ગયું હોય એવી પરિસ્થિતિ પ્રવર્તે છે. નરેન્દ્ર મોદી રઘવાયા થયા છે એનું એક કારણ સૌરાષ્ટ્રમાં અને સુરતમાં નડતો કેશુભાઈ પટેલ કે નરેશ પટેલનો લેઉવા ફેક્ટર છે તો બીજી તરફ પૂર્વ પટ્ટીના આદિવાસીઓમાં કોંગ્રેસ તરફની જૂની લાગણી ફરી વાર પાંગરી રહી હોવાના અહેવાલોથી એ વિચલિત થઈ ગયા છે. કેન્દ્ર સરકાર આદિવાસી ઉત્કર્ષને વરેલી છે, એની પ્રતીતિ લેખે યુવાન તુષાર ચૌધરીએ કેન્દ્ર સરકારના રાજયમંત્રી તરીકે સમાવાયા છે. શિક્ષણનું વ્યાપારીકરણ થતાં ગરીબ દલિત-આદિવાસી કે બક્ષીપંચની ખેતમજૂરી કરીને જીવતી જ્ઞાતિઓનાં બાળકો ઉચ્ચ શિક્ષણથી વંચિત રહે એવી સ્થિતિ સરજાઈ છે. વડાપ્રધાને એમનાં પ્રવચનમાં 'સર્વહારા' 'હૅવ નૉટ્સ'ની કુમળી કિશોર વયની પેઢીની ચિંતા સેવી છે; એના ભવિષ્ય સાથે ચેડાં કરનારી અને કોમ કોમ વચ્ચે દીવાલ ઊભી કરનારી સરકારને હરાવી લેવાની હાકલ કરીને એમણે દલિત-વંચિત તેમજ લઘુમતી સમાજ અને પછાત વર્ગોને પોતાની તાકાત બતાવવા આહ્વાન કર્યું છે. વડાપ્રધાનના આહ્વાનને તથાકથિત 'વૉટ બૅંક' સાનુકૂળ પ્રતિસાદ પાઠવે તો ભાજપ માટે ૨૦૧૨નો ડિસેમ્બર અપશુકનિયાળ સાબિત થવાની પૂરી શક્યતા છે.